GJSR06000152
2025

सत्यमेव जयते

| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૩૦/૦૧/૨૦૨૫ | | |
| રજીસ્ટ્રેશન તારીખ | ૩૦/૦૧/૨૦૨૫ | | |
| ચુકાદાની તારીખ | ૩૦/૦૩/૨૦૨૬ | | |
| અવધિ | વર્ષ | માસ | દિન |
| | ૦૧ | ૦૨ | ૦૦ |

**<u>ફોજદારી કેસ નં. ૧૪૩/૨૦૨૫</u>**

**<u>ચુકાદો આંક-૧૬</u>**

**<u>-:: નમૂના - એ ::-</u>**

| **માંડવીના પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ તથા એડીશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં, મુ. માંડવી, જિ.સુરત.** | |
|---|---|
| **:: ગુનાની વિગત ::** | |
| ગુનાની કલમ | ભારતીય ન્યાય સંહિતાની કલમ -૨૮૧, ૧૨૫(એ) તથા એમ.વી.એકટ-૧૭૭, ૧૮૪ |
| પ્રથમ માહિતી અહેવાલ સંખ્યા | ગુ.રજી.નં.૧૧૨૧૪૦૩૨૨૪૧૩૨૫/ ૨૦૨૪ |
| પોલીસ સ્ટેશન | માંડવી પોલીસ સ્ટેશન, જિ.સુરત |
| ફરિયાદપક્ષ | શ્રી સરકાર |
| ફરિયાદપક્ષ તરફે રજૂઆત | વિ.એ.પી.પી.શ્રી એફ.એમ.ગામીત |
| આરોપી | શુક્કરભાઈ કાસમાભાઈ કાથુડીયા |
| બચાવપક્ષ તરફે રજૂઆત | વિ.વકીલશ્રી એસ.જી.ચૌધરી |

**<u>-:: નમૂના - બી ::-</u>**

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૦૨/૧૧/૨૦૨૪ |
| એફ.આઇ.આર.ની તારીખ | ૦૨/૧૧/૨૦૨૪ |
| આખરી અહેવાલની તારીખ | ૩૦/૦૧/૨૦૨૫ |
| તહોમતનામા/પ્લીની તારીખ | ૩૦/૧૦/૨૦૨૫ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૦૯/૦૩/૨૦૨૬ |

| | |
|---|---|
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૧૩/૦૩/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૧૩/૦૩/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | --- |

**-:: આરોપીની વિગત ::-**

| અનુ | આરોપીનું નામ | અટક કર્યાની તારીખ | જામીન મુક્તિ તારીખ | તહોમત | નિર્દોષ છોડ્યા / સજા કરી | કરવામાં આવેલ સજા | બી.એન.એસ.એસ.ની કલમ-૪૬૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | શુક્કરભાઈ કાસમાભાઈ કાથુડીયા | ૨૧/૧૨/૨૦૨૪ | જામીન મુકત | ભારતીય ન્યાય સંહિતા કલમ - ૨૮૧, ૧૨૫ (એ) તથા એમ.વી. એકટ-૧૭૭, ૧૮૪ | નિર્દોષ | - | - |

**-:: નમૂનો - સી ::-**

**:: ફરિયાદપક્ષ, બચાવપક્ષ તથા કોર્ટ તરફે મૌખિક પુરાવા ::**

**(એ) ફરિયાદપક્ષ તરફેના સાહેદોનું લીસ્ટ :-**

| સાહેદ નં. | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| ૧ | ૦૬ | કાંતીભાઈ ફતેસિંગભાઈ વસાવા | ફરિયાદી |
| ૨ | ૦૮ | રોશનકુમાર ભરતસિંહ વસાવા | ગુનાવાળી જગ્યાના પંચ |
| ૩ | ૧૦ | હસમુખભાઈ દેવનાભાઈ વસાવા | ગુનાવાળી જગ્યાના પંચ |

| | | | |
|---|---|---|---|
| ૪ | ૧૧ | જલારામભાઈ ફતેસિંગભાઈ વસાવા | સાહેદ |
| ૫ | ૧૨ | વસંતભાઈ ફતેસિંગભાઈ વસાવા | સાહેદ |
| ૬ | ૧૪ | મનિષભાઈ મણીલાલ ચૌધરી | તપાસ કરનાર અમલદાર |

**(બી) બચાવપક્ષ તરફેના સાહેદોનું લીસ્ટ :–**

| સાહેદ નં. | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| – | – | – | – |

**(સી) કોર્ટ તરફેના સાહેદોનું લીસ્ટ :–**

| સાહેદ નં. | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| – | – | – | – |

**:: ફરિયાદપક્ષ, બચાવપક્ષ તથા કોર્ટ તરફે દસ્તાવેજી પુરાવા ::**

**(એ) ફરિયાદપક્ષ તરફેના દસ્તાવેજી પુરાવાઓનું લીસ્ટ :–**

| અનું. નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૦૭ | ગુનાની અસલ ફરીયાદ |
| ૨ | ૦૯ | ગુનાવાળી જગ્યાનું પંચનામુ |
| ૩ | ૧૫ | સારવાર સર્ટીફીકિટ |

**(બી) બચાવપક્ષ તરફેના દસ્તાવેજી પુરાવાઓનું લીસ્ટ :–**

| અનું. નં. | આંક | વિગત |
|---|---|---|
| – | – | – |

**(સી) કોર્ટ તરફેના દસ્તાવેજી પુરાવાઓનું લીસ્ટ :–**

| અનું. નં. | આંક | વિગત |
|---|---|---|
| – | – | – |

## -:: જજમેન્ટ ::-

**ફરીયાદ હકીકતનુ ટુંકમાં વર્ણન:-**

(૧) ફરિયાદપક્ષના કેસની હકીકત એવી છે કે, તા.૦૨/૧૧/૨૦૨૪ ના કલાક ૧૯-૦૦ વાગેના અરસામાં મૌજે. તારાપુર ગામ ઉમરપાડા થી માલ્દા આવતા રોડ ઉપર તાડ ફળિયામાં જવાના રસ્તાથી આશરે ૧૦૦ મીટર પહેલા એક સુપર સ્પ્લેન્ડર મોટરસાયકલ નં.GJ-19-AB-8860 મોટરસાયકલનો ચાલક જેના નામ સરનામાની ખબર નથી તેણે પોતાના કબજાની મોટરસાયકલ બેદરકારી થી પુરઝડપે અને ગફલતભરી રીતે લોકોની જીંદગી જોખમાય તે રીતે હંકારી લઈ આવી આ કામના ઈજા પામનાર-ક્રાતિભાઈ ફતેસીંગભાઈ વસાવાનાને હાથે કોણીના ભાગે તથા જમણા હાથે કાંડાના ભાગે તથા બન્ને પગે ઘુંટણના ભાગે ઈજાઓ પહોચાડી નાસી જઈ પાછળ થી પકડાઈ જઈ ગુનો કરી ભારતીય ન્યાય સંહિતા ની કલમ -૨૮૧, ૧૨૫(એ) તથા એમ.વી.એકટ-૧૭૭, ૧૮૪ મુજબનો ગુનો કરેલ. જે મતલબની વિગતેની ફરિયાદ, ફરિયાદીનાઓ દ્વારા આપવામાં આવેલ છે. જે ફરિયાદના આધારે, માંડવી પોલીસ સ્ટેશને આરોપી વિરૂધ્ધ ગુનો દાખલ કરી, તપાસ કરનાર અધિકારીશ્રીએ તપાસ કરી, તપાસના અંતે જરૂરી પુરાવો એકત્રિત કરી, આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો મળી આવતા, હાલનું ચાર્જશીટ નામદાર કોર્ટમાં રજૂ કરેલ છે.

(૨) આરોપી સામે ચાર્જશીટ થયા બાદ તેઓને આ કામે હાજર થવાનો સમન્સ કરતાં, આરોપી અદાલત સમક્ષ હાજર થતા તેઓને પોલીસ તપાસના કાગળોની નકલો ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કમલ-૧૯૩ અન્વયે વિના મુલ્યે આપવામાં આવ્યા બાદ આંક-૦૩ થી આરોપી વિરૂદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ -૨૮૧, ૧૨૫(એ) તથા એમ.વી.એકટ-૧૭૭, ૧૮૪ મુજબનો ગુના અંગેનું તહોમતનામું ફરમાવી કેસ આગળ ચલાવવા જણાવતાં, સબબ કામ ફરિયાદ પક્ષના પુરાવા રજૂ થવા ઉપર મુલતવી રાખેલ.

(૩) ફરિયાદપક્ષ તરફે પુરાવા રજૂ કર્યા બાદ વિ.એપીપીશ્રી નાઓની મૌખિક વિનંતીથી ફરિયાદપક્ષે પુરાવો બંધ થયાનું જાહેર કરતાં આ કામ આરોપીના વધારાના નિવેદન માટે રાખી, આરોપીનું વધારાનું નિવેદન નોંધતા આરોપીએ ફરિયાદપક્ષે રજૂ થયેલ પુરાવો ખોટો છે તેમ જણાવી તેઓએ સોગંદ ઉપર જુબાની આપવી નથી તેમજ બચાવના સાહેદો તપાસવા નથી તેમ જણાવી વિશેષ હકીકતમાં જણાવેલ છે કે, અમો આરોપી નિર્દોષ છીએ. આથી સદર હકીકત રેકર્ડ કરી આરોપી તરફે પુરાવાઓ રજૂ કરવાનો હકકપૂર્ણ થયાનું જાહેર કરી હાલનું કામ બંને પક્ષની આખરી દલીલો ઉપર રાખી ઉભય પક્ષકારો તરફે કરવામાં આવેલ દલીલો સાંભળવામાં આવેલ છે.

(૪) આ કેસની હકીકતો, સંજોગો, રેકર્ડ પર રજૂ કરવામાં આવેલ પુરાવો તથા સંલગ્ન કાયદાની જોગવાઇઓ તેમજ ઉભય પક્ષની રજૂઆતો ધ્યાને લેતાં, આ કેસના ન્યાય-નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે :-

**-:: મુદ્દાઓ ::-**

**( આરોપી સામેનો ચાર્જ )**

(૧) શું ફરિયાદપક્ષ વ્યાજબી શંકાથી પર સાબિત કરે છે કે, તા.૦૨/૧૧/૨૦૨૪ ના કલાક ૧૯-૦૦ વાગેના અરસામાં મૌજે. તારાપુર ગામ ઉમરપાડા થી માલ્દા આવતા રોડ ઉપર તાડ ફળિયામાં જવાના રસ્તાથી આશરે ૧૦૦ મીટર પહેલા એક સુપર સ્પ્લેન્ડર મોટરસાયકલ નં.GJ-19-AB-8860 મોટરસાયકલનો ચાલક જેના નામ સરનામાની ખબર નથી તેણે પોતાના કબજાની મોટરસાયકલ બેદરકારી થી પુરઝડપે અને ગફલતભરી રીતે લોકોની જીંદગી જોખમાય તે રીતે હંકારી લઈ આવી આ કામના ઈજા પામનાર-ક્રાતિભાઈ ફતેસીંગભાઈ વસાવાનાને હાથે કોણીના ભાગે તથા જમણા હાથે કાંડાના ભાગે તથા બન્ને પગે ઘુંટણના ભાગે ઈજાઓ પહોચાડી નાસી જઈ પાછળ થી પકડાઈ

જઈ ગુનો કરી ભારતીય ન્યાય સંહિતાની કલમ –૨૮૧, ૧૨૫(એ) તથા એમ.વી.એકટ–૧૭૭, ૧૮૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે?

(૨) શું હુકમ?

**(૭)** ઉપરોકત મુદ્દાઓના મારા મત મુજબ નિર્ણય તથા કારણો નીચે મુજબ છે.

**–:: નિર્ણય ::–**

મુદ્દા નં. (૧) નકારમાં

મુદ્દા નં. (૨) આખરી હુકમ મુજબ.

**–:: કારણો ::–**

(૮) કોઈપણ ફોજદારી પ્રક્રિયાની શરૂઆત અને ટ્રાયલ ચલાવવામાં આવે છે ત્યારે સામાન્ય રીતે બે પ્રકારના અનુમાન સાથે ટ્રાયલ ચલાવવામાં આવતી હોય છે જેમાં આરોપીને ક્રિમીનલ જયુરીસપ્રુડન્સ મુજબ જયાં સુધી આરોપીની સામેનું આક્ષેપ કર્યા મુજબનું તહોમત પુરવાર ના થાય ત્યાં સુધી આરોપીને સદર ગુનો ન કરેલ હોવાનું માની આરોપીએ કરેલ ગુનામાંથી તેઓ નિર્દોષ છે તેવું અનુમાન કરવામાં આવે છે અને આરોપી વિરુધ્ધ કરવામાં આવતા આક્ષેપો નિશંકપણે પુરવાર કરવાની જવાબદારી ફરિયાદપક્ષની હોય છે, જે કોઈપણ સમયે ઓછી થતી નથી. તેની સાથે સાથે જે સાહેદો કોર્ટમાં આવીને જુબાની આપતા હોય, તે કોર્ટમાં સાચું બોલતા હોય, તેવા અનુમાન સાથે ફોજદારી પ્રકરણમાં ન્યાયિક વિશ્લેષણ કરવાનું હોય છે. આપણી માનનીય સર્વોચ્ચ ન્યાયાલયે જુદા જુદા ચુકાદામાં પુરાવાનું વિશ્લેષણ કરવાનું માર્ગદર્શન આપેલ છે. લેખરાજ વિરુધ્ધ હિમાચલ પ્રદેશ તેમજ અનીસીંગ વિરુધ્ધ સ્ટેટ ઓફ યુ.પી.ના ચુકાદામાં માનનીય સર્વોચ્ચ અદાલતે આપણા દેશની ભૌગોલિક, આર્થિક, સામાજિક પરિસ્થિતિને અનુલક્ષીને સાહેદની જુબાનીનું વિશ્લેષણ કેવી રીતે કરવું જોઈએ તે

બાબતે માર્ગદર્શન આપેલ છે અને તે માર્ગદર્શન આપતા માનનીય સર્વોચ્ચ અદાલતે એવી ટકોર કરેલ છે કે, એક અદાલતે બે પ્રકારની જવાબદારી નિભાવવાની હોય છે. પ્રથમ પ્રકારની જવાબદારીમાં અદાલતે એ જોવાનું હોય છે કે, કોઈપણ નિર્દોષ માણસને સજા ન થાય પરંતુ તેની સાથે સાથે અદાલતે એ પણ જોવાનું હોય છે કે, એક ગુનેગાર તેણે કરેલ ગુનાહિત કૃત્યમાંથી છટકી જવો ન જોઈએ. સર્વોચ્ચ અદાલતે એવી પણ ટકોર કરેલી છે કે, જયારે સાહેદ કોર્ટમાં જુબાની આપતા હોય છે ત્યારે તેઓ સામાન્ય રીતે સબળ મનોબળ ધરાવતા હોતા નથી અને કાયદાની આંટીઘુંટીથી પરિચિત હોતા નથી, આવા સંજોગોમાં તેઓ ઘણી વખત પોતાની જુબાનીમાં વિરોધાભાસ, અસંગત્તા અને અતિરેક પેદા કરતા હોય છે અને તેના કારણે જો ફરિયાદપક્ષના કેસ ઉપર કોઈ વિપરીત અસર પડતી ન હોય તો તે અસંગત્તા, વિસંગત્તા અને અતિરેક દરગુજર કરવા જોઈએ, પરંતુ આવા અતિરેક, વિસંગત્તાના કારણે ફરિયાદપક્ષના કેસના મૂળને અસરકર્તા હોય તો તેનો લાભ આરોપીને મળવો જોઈએ.

---

## ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૬૫ મુજબનો ફરિયાદપક્ષનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો

## –:: ઓકયુલર એવીડન્સ ::–

---

(૯) આ કામે ફરિયાદપક્ષ તરફે સાહેદોની સોગંદ ઉપરની જુબાની અને તેઓની બચાવપક્ષ તરફેના વિ.વકીલશ્રી દ્વારા કરેલ ઉલટતપાસ નીચે મુજબ છે.

(૯.૧) ફરિયાદપક્ષે આંક–૦૬ થી ફરીયાદી કાંતિભાઈ ફતેસિંગભાઈ વસાવા નાઓને તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, આ અકસ્માત વાળો બનાવ બન્યાને એકાદ વર્ષ જેટલો સમય થયેલ છે. આ બનાવ સાંજના સાતેક વાગ્યાના અરસામાં તારાપુર ગામની સીમમાં માલ્ધા થી ઉમરપાડા જતા રોડ પર બનેલો. આ બનાવ વખતે હું ચાલવા માટે ગયેલો અને ફરીથી

ચાલતો ચાલતો ઘરે આવતો હતો ત્યારે ઉમરપાડા તરફથી આવતી મોટરસાયકલ વાળાએ અકસ્માત કરેલો. આ અકસ્માતમાં મને મોઢામાં અને કપાળના ભાગે, પગમાં અને હાથમાં ઈજાઓ થયેલ. મને સારવાર માટે પ્રથમ માંડવી સરકારી દવાખાને લાવેલ અને ત્યાંથી વધુ સારવાર માટે બારડોલી સરદાર સ્મારક હોસ્પિટલમાં દાખલ કરેલા. આ અકસ્માત કરનાર મોટરસાયકલનો નંબર કે તેનો ચાલક કોણ હતો તેની મને ખબર નથી. આ બનાવ અંગેની ફરિયાદ માંડવી પોલીસ સ્ટેશનમાં આપેલી. અસલ ફરિયાદમાં ફરિયાદી તરીકે મારી સહી છે. જે આંક–૦૭ થી રજૂ છે. સદરહુ સાહેદ ફરિયાદપક્ષના કેસને સમર્થન કરતાં ન હોય વિ.એ.પી.પી.શ્રીની મૌખીક વિનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવા છતાં ફરિયાદપક્ષના કેસને મદદરૂપ કોઈ હકિકત રેકર્ડ પર આવેલ નથી.

સદર સાહેદની બચાવપક્ષ તરફે કરવામાં આવેલ વિગતવારની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, એ વાત ખરી છે કે, માલ્ધા–ઉમરપાડા રોડ પર કાયમ વાહનોની અવર–જવર રહે છે. એ વાત ખરી છે કે, બનાવ સમયે અંધારૂ હતુ. એ વાત ખરી છે કે, બનાવ બન્યો બાદ હું તુરત બેભાન થઈ ગયેલો. એ વાત ખરી છે કે, બનાવ કયા વાહનથી બન્યો અને કઈ રીતે બન્યો તે હું ચોક્કસ કહી શકુ નહી. એ વાત ખરી છે કે, અકસ્માત કરનાર વાહનનો ચાલક કોણ હતો તેની મને ખબર નથી.

(૯.૨) ફરિયાદપક્ષે આંક–૦૮ થી પંચસાહેદ રોશનકુમાર તથા આંક–૧૦ થી હસમુખભાઈ દેવનાભાઈ વસાવ નાઓને તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, પોલીસે મને માલ્ધા ફાટાની પોલીસ ચોકી પાસે બોલાવી પંચનામામાં મારી સહી કરાવેલી. પોલીસ મને અકસ્માત વાળી જગ્યાએ લઈ જઈ પંચનામું કરેલ હોય તેવુ બનેલુ નથી. મને ગુનાવાળી જગ્યાનું પંચનામુ બતાવવામાં આવે છે. જેમાં પંચ તરીકે મારી સહી છે. જે આંક–૦૯ થી રજૂ છે. સદરહુ સાહેદ ફરિયાદપક્ષના કેસને સમર્થન કરતાં ન હોય વિ.એ.પી.પી.શ્રીની મૌખીક

વિનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવા છતાં ફરિયાદપક્ષના કેસને મદદરૂપ કોઈ હકિકત રેકર્ડ પર આવેલ નથી.

સદર સાહેદની બચાવપક્ષ તરફે કરવામાં આવેલ વિગતવારની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, એ વાત ખરી છે કે, પોલીસે લખેલા તૈયાર કાગળ ઉપર મારી સહી કરાવેલી. એ વાત ખરી છે કે, પોલીસે શુ લખેલુ તેની મને ખબર નથી.

(૯.૩) ફરિયાદપક્ષે આંક–૧૧ થી સાહેદ જલારામભાઈ ફતેસિંગભાઈ વસાવા નાઓને તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, આ અકસ્માતવાળો બનાવ બન્યાને એકાદ વર્ષ જેટલો સમય થયેલ છે. આ બનાવ સાંજના સાતેક વાગ્યાના અરસામાં તારાપુર ગામની સીમમાં માલ્ધા થી ઉમરપાડા જતા રોડ પર બનેલો. આ બનાવ વખતે મારા ભાઈ કાંતિભાઈ ફતેસિંગભાઈ ચાલવા માટે ગયેલા અને ફરીથી ચાલતો ચાલતો ઘરે આવતો હતો ત્યારે ઉમરપાડા તરફથી આવતી મોટર સાયકલ વાળાએ અકસ્માત કરેલો. આ અકસ્માતમાં તેને મોઢામાં અને કપાળના ભાગે, પગમાં અને હાથમાં ઈજાઓ થયેલી. તેને સારવાર માટે પ્રથમ માંડવી સરકારી દવાખાને લાવેલા અને ત્યાંથી વધુ સારવાર માટે બારડોલી સરદાર સ્મારક હોસ્પિટલમાં દાખલ કરેલા.સદરહુ સાહેદ ફરિયાદપક્ષના કેસને સમર્થન કરતાં ન હોય વિ.એ.પી.પી.શ્રીની મૌખીક વિનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવા છતાં ફરિયાદપક્ષના કેસને મદદરૂપ કોઈ હકિકત રેકર્ડ પર આવેલ નથી.

સદર સાહેદની બચાવપક્ષ તરફે કરવામાં આવેલ વિગતવારની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, એ વાત ખરી છે કે, માલ્ધા–ઉમરપાડા રોડ પર કાયમ વાહનોની અવર–જવર રહે છે. એ વાત ખરી છે કે, બનાવ વખતે હું ઘરે હતો બનાવ કેવી રીતે અને કોની ભુલના કારણે બનેલો તે હું કહી શકુ નહી.

(૯.૪) ફરિયાદપક્ષે આંક–૧૨ થી સાહેદ વસંતભાઈ ફતેસિંગભાઈ

વસાવા નાઓને તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, આ અકસ્માતવાળો બનાવ બન્યાને એકાદ વર્ષ જેટલો સમય થયેલ છે. આ બનાવ સાંજના સાતેક વાગ્યાના અરસામાં તારાપુર ગામની સીમમાં માલ્ધા થી ઉમરપાડા જતા રોડ પર બનેલો. આ બનાવ વખતે મારા ભાઈ કાંતિભાઈ ફતેસિંગભાઈ ચાલવા માટે ગયેલા અને ફરીથી ચાલતો ચાલતો ઘરે આવતો હતો ત્યારે ઉમરપાડા તરફથી આવતી મોટર સાયકલ વાળાએ અકસ્માત કરેલો. આ અકસ્માતમાં તેને મોઢામાં અને કપાળના ભાગે, પગમાં અને હાથમાં ઈજાઓ થયેલી. તેને સારવાર માટે પ્રથમ માંડવી સરકારી દવાખાને લાવેલા અને ત્યાંથી વધુ સારવાર માટે બારડોલી સરદાર સ્મારક હોસ્પિટલમાં દાખલ કરેલા.સદરહુ સાહેદ ફરિયાદપક્ષના કેસને સમર્થન કરતાં ન હોય વિ.એ.પી.પી.શ્રીની મૌખીક વિનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવા છતાં ફરિયાદપક્ષના કેસને મદદરૂપ કોઈ હકિકત રેકર્ડ પર આવેલ નથી.

સદર સાહેદની બચાવપક્ષ તરફે કરવામાં આવેલ વિગતવારની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, એ વાત ખરી છે કે, માલ્ધા–ઉમરપાડા રોડ પર કાયમ વાહનોની અવર–જવર રહે છે. એ વાત ખરી છે કે, બનાવ વખતે હું ઘરે હતો બનાવ કેવી રીતે અને કોની ભુલના કારણે બનેલો તે હું કહી શકુ નહી.

(૯.૫) ફરિયાદપક્ષે આંક–૧૪ થી તપાસ કરનાર અમલદાર મનિષભાઈ મણીલાલ ચૌધરી નાઓને તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, હું છેલ્લા બે વર્ષથી માંડવી પોલીસ સ્ટેશનમાં હે.કો. તરીકે ફરજ બજાવુ છું. તા.૦૫/૧૧/૨૦૨૪ નારોજ અમો માંડવી પોલીસ સ્ટેશનમાં ફરજ ઉપર હતા ત્યારે માંડવી પોલીસ સ્ટેશન પાર્ટ–એ ગુ.ર.નં.૧૧૨૧૪૦૩૨૨૪૧૩૨૫/૨૦૨૪ બી.એન.એસ. કલમ – ૨૮૧, ૧૨૫(એ) તથા એમ.વી.એકટની કલમ – ૧૭૭, ૧૮૪ મુજબનો ગુનો રજીસ્ટર કરી આગળની તપાસ અમોને સોંપેલી. અમોને તપાસમાં અસલ ફરિયાદ મળતા ફરિયાદ વંચાણે લઈ ગુનાવાળી જગ્યાએ જઈ પંચોની હાજરીમાં પંચોના

લખાવ્યા મુજબ ગુનાવાળી જગ્યાનું પંચનામું કરી પંચોની સહીઓ લીધેલી અને રૂબરૂમાં મેં સહી કરેલી જે પંચનામું આંક-૦૯ થી રજૂ છે. ત્યારબાદ લાગતા વળગતા સાહેદોના નિવેદન તેમના લખાવ્યા મુજબના લખી લીધેલા. ત્યારબાદ આ કામના આરોપી સુક્કરભાઈ કાસમાભાઈ કાથુડીયાનાઓને તા.૨૧/૧૨/૨૦૨૪ નારોજ હાજર થતા તેઓને અટક કરી યોગ્ય રકમના જામીન લઈ આરોપીને જામીન ઉપર મુક્ત કરેલ. ત્યારબાદ આ અકસ્માતમાં ઈજા પામના કાંતિભાઈ ફતેસીંગભાઈ વાસાવાનાઓનું સારવાર સર્ટીફીકેટ સરદાર સ્મારક હોસ્પિટલ, બારડોલી ખાતેથી મેળવી ચાર્જશીટ સાથે સામેલ રાખેલ જે આંક-૧૫ થી રજૂ છે. ત્યારબાદ તપાસના અંતે આરોપી વિરૂદ્ધ પુરતા પુરાવા પડતા ચાર્જશીટ તૈયાર કરી નામદાર કોર્ટમાં રજૂ કરેલ.

સદર સાહેદની બચાવપક્ષ તરફે કરવામાં આવેલ વિગતવારની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, એ વાત ખરી છે કે, માલ્ધા-ઉમરપાડા રોડ પર કાયમ વાહનોની અવર-જવર રહે છે. એ વાત ખરી છે કે, બનાવ સમયે અંધારૂ હતુ. એ વાત ખરી છે કે, બનાવ સ્થળે નજીક તાડ ફળીયુ આવેલ છે અને રહેણાંકના મકાનો તથા વસ્તી આવેલી છે. એ વાત ખરી છે કે, બનાવ સ્થળેથી સ્વતંત્ર સાહેદો સરળતાથી મળી શકે. એ વાત ખરી છે કે, આ કામે ઈજા પામનારના સબંધીઓ સિવાય સ્વતંત્ર સાહેદોના નિવેદનો લેવામાં આવેલ નથી. એ વાત ખરી નથી કે, સાહેદોના નિવેદનો મેં મારી મરજી મુજબ ફરિયાદને અનુરૂપ લખી લીધેલા. એ વાત ખરી નથી કે, પંચનામું પોલીસ સ્ટેશનમાં તૈયાર કરાવેલુ અને તે તૈયાર પંચનામામાં પંચોની સહીઓ કરાવેલી. એ વાત ખરી નથી કે, આવો કોઈ બનાવ આરોપીની ભુલના કારણે બનેલો નથી. એ વાત ખરી નથી કે, આરોપી વિરૂદ્ધ પુરતો પુરાવો ન હોવા છતા ખોટી તપાસ કરી ખોટુ ચાર્જશીટ કરેલ છે.

આમ, ઉપરોકત જણાવ્યા અનુસારના પુરાવો ફરિયાદપક્ષે રજૂ કરેલ છે .

**<u>પુરાવાનું મૂલ્યાંકન ::-</u>**

(૧૦) આમ, ઉપરોકત મુજબનો પુરાવો રેકર્ડ ઉપર આવેલ છે. ફરિયાદપક્ષે રજૂ કરવામાં આવેલ પુરાવાનું મૂલ્યાંકન કરતાં, આ કામના આરોપી સામે હાલનો કેસ ફોજદારી કેસ છે અને ફોજદારી ન્યાયશાસ્ત્રનો એક પ્રાથમિક સિધ્ધાંત એ છે કે, આરોપી સામેનો કેસ શંકાથી પર સાબીત ન કરે ત્યાં સુધી આરોપી નિર્દોષ છે તેવુ અનુમાન કોર્ટે કરવુ જોઈએ. હાલના આ કેસ સંબધિત ફરીયાદપક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલ પુરાવાનું મૂલ્યાંકન કરતાં પહેલા પુરાવાના મૂલ્યાંકન શબ્દની અસરકારક કાનૂની છણાવટ કરતાં " પુરાવાનું મૂલ્યાંકન શબ્દ પ્રયોગ કયાંય વ્યાખ્યાબધ્ધ કરવામાં આવ્યો નથી. એ માટે કોઈ પણ કાનુની સમપ્રિત નિયમો નથી. કારણ કે પુરાવાનું મૂલ્યાંકન એક ભાવાત્મક પ્રક્રિયા છે. આ શબ્દ આ અધિનિયમ ન હોવા છતાં પણ વ્યવહારીક રીતે પ્રચલીત છે. જ્યારે પુરાવાના મૂલ્યાંકન વિશે ચર્ચા કરવામાં આવે ત્યારે આ અધિનિયમની કલમ-૩ એટલે આ કલમનો ભાગ સમજવામાં આવે છે. કારણ કે, સાબીત તથા નાસાબીત શબ્દો વ્યાખ્યાબંધ્ધ કરવામાં આવ્યા છે. કોઈ હકિકતનું અસ્તીત્વ કે બીનઅસ્તીત્વ સાબિત માનવું તે મૂલ્યાંકનનો ભાગ છે. આમ, પુરાવાના મૂલ્યાંકન સંબધીત કાનૂની જોગવાઈ લક્ષમાં લેતાં, આરોપી સામેનો આક્ષેપિત ગુનો ફરીયાદ પક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલ પુરાવા દ્વારા સાબીત થયેલ હોય તો આરોપીના ગુનાહીત કૃત્યો બદલ કસુરવાન ઠેરવી શકાય. અગર આરોપી સામેનો આક્ષેપિત ગુનો ફરીયાદ પક્ષ દ્રરા રજૂ કરવામાં આવેલ પુરાવા દ્વારા સાબીત થયેલ ન હોય તો આરોપીને કસુરવાન ઠેરવી શકાય નહિં. આમ, ફરીયાદપક્ષના પુરાવાથી આક્ષેપીત ગુનો સાબીત કરે નાસાબીત થયેલાની પ્રક્રિયાએ પુરાવાનું મૂલ્યાંકનનો ભાગ છે. ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો ફરીયાદપક્ષ ઉપર રહે છે. ફરીયાદપક્ષે પોતાની હકિકતો શંકાથી પર રહી સાબીત કરવાની હોય છે. ફોજદારી કાર્યવાહીના તમામ તબકકે પુરાવાનો બોજો કયારેય આરોપી ઉપર ખસતો નથી. ફરીયાદપક્ષે માત્ર સંભવીતતા જ દર્શાવવાની હોતી નથી, પરંતુ આરોપી પરનું તહોમત નિશંકપણે વ્યાજબી શંકાથી પર પુરવાર કરવાનું રહે છે.

(૧૧) હાલના કામે આક્ષેપ કરવામાં આવેલ હકિકતો નું બારીકાઈથી મૂલ્યાંકન કરવા માટે કરવામાં આવેલી કાયદાકીય પરીસ્થિતિ તથા કાયદાકીય જોગવાઈઓ તેમજ નામદાર સર્વોચ્ચ અદાલત તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટના ચુકાદાઓને ધ્યાને રાખી પુરાવાનું મૂલ્યાંકન કરવુ જરૂરી છે.

(૧૧.૧) આમ, હાલના કેસમાં આરોપી ઉપર ફરમાવેલ તહોમતનામા મુજબ બી.એન.એસ.ની કલમને વંચાણે લેતાં હવે એ જોવુ રહ્યુ કે ફરિયાદપક્ષ પોતાના કેસ નિશંકપણે આરોપી વિરૂદ્ધ પુરવાર કરી શકેલ છે કે કેમ? સૌપ્રથમ હાથ પરના કેસમાં ઉપરોકત આવશ્યક તત્વોની ચર્ચા પડેલ મૌખીક અને દસ્તાવેજી પુરાવાઓને વંચાણે લઈ ફરીયાદપક્ષે આરોપી વિરૂદ્ધ પ્રથમ આવશ્યક તત્વો પુરવાર થયેલ છે કે કેમ તેની ચર્ચા નીચે મુજબ કરવામાં આવે છે.

<u>રેકર્ડ પરના પુરાવાનું સમગ્રતયા મુલ્યાંકન :–</u>

<u>મુદ્દા નંબર–૦૧ તથા ૦૨ ની સંયુકત ચર્ચ :–</u>

(૧૨) સદર કેસમાં ઘડવામાં આવેલ મુદ્દાઓ એકબીજાને સંલગ્ન હોય, રેકર્ડ ઉપરની હકિકતો તથા કારણોની કવામાં આવેલ ચર્ચામાં પુનરાવર્તનનો દોષ ટળી શકે તે સારૂ આ મુદ્દાઓની એકસાથે ચર્ચા કરવામાં આવેલી છે. ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો ફરીયાદપક્ષ ઉપર રહે છે. ફરીયાદપક્ષે પોતાની હકિકતો શંકાથી પર રહી સાબીત કરવાની હોય છે. દિવાની કાર્યવાહીમાં જે રીતે સંભવીતતા દર્શાવવામાં આવતી હોય છે તેવી હકિકત ફોજદારી કાર્યવાહીમાં હોતી નથી. ફોજદારી કર્યવાહીના તમામ તબક્કે પુરાવાનો બોજો ક્યારેય આરોપી ઉપર ખસતો નથી. ફરીયાદપક્ષે માત્ર સંભવીતતા જ દર્શાવવાની હોતી નથી, પરંતુ આરોપી પરનું તહોમત નિશંકપણે વ્યાજબી શંકાથી પર પુરવાર કરવાનું રહે છે.

(૧૩) આંક–૦૬ થી ફરીયાદી કાંતીભાઈ ફતેસિંગભાઈ

વસાવાનાઓને તપાસવામાં આવેલ છે. સદરહું તેમની ફરિયાદની હકિકતને સમર્થન કરતા ન હોય તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે. ફરિયાદીની ઉલટતપાસમાં જણાવવામાં આવે છે કે, બનાવ બન્યા બાદ તેઓ બેભાન થઈ ગયા હતા. બનાવ કયા વાહનથી બન્યો અને કઈ રીતે બન્યો તે તેઓ ચોકકસ કહી શકે નહી. વધુમાં, ફરીયાદપક્ષે આંક–૧૧ થી સાહેદ જલારામભાઈ ફતેસિંગભાઈ વસાવા, આંક–૧૨ થી સાહેદ વસંતભાઈ ફતેસિંગભાઈ વસાવાનાઓને તપાસવામાં આવેલ છે. સદરહું સાહેદો તેમની ફરીયાદની હકિકતને સમર્થન કરતા ન હોય તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે. સદર સાહેદોની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, અકસ્માત નજરે જોયેલ ન હોય, કોની ભૂલના કારણે અકસ્માત થયેલ તે કહી શકે નહી. આમ, સદર સાહેદો બનાવ સમયે તથા બનાવ સ્થળે હાજર ન હોય તેઓના પુરાવામાં અકસ્માતના સંજોગો, આરોપીની વાહન ચાલક તરીકેની ઓળખ તથા આરોપીની બેદરકારી રેકર્ડ પર આવી શકે તેમ નથી. આમ, સદરહું હકિકતને અનુસાર ફરીયાદી/સાહેદ ફરીયાદની હકિકતને સમર્થન કરતા નથી. આમ, સદર સાહેદના પુરાવાથી અકસ્માતના સંજોગો, આરોપીની વાહન ચાલક તરીકેની ઓળખ તથા આરોપીની બેદરકારી રેકર્ડ પર આવી શકે તેમ નથી. જેથી તપાસવામાં આવેલ સાહેદનો પુરાવો ફરીયાદપક્ષને મદદરૂપ થઈ શકે તેમ નથી.

(૧૪) ફરીયાદપક્ષે આંક–૦૮ થી પંચસાહેદ રોશનકુમાર ભરતસિંહ વસાવા અને આંક–૧૦ થી પંચસાહેદ હસમુખભાઈ દેવનાભાઈ વસાવા નાઓને તપાસવામાં આવેલ છે. તેઓ દ્વારા આંક–૦૯ થી રજૂ ગુનાવાળી જગ્યાના પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવેલ છે. વધુમાં સદર પંચસાહેદોની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, પોલીસે તૈયાર પંચનામામાં તેઓની સહી કરાવેલ હતી. આમ, સદર પંચસાહેદોનો પુરાવો ફરીયાદપક્ષને મદદરૂપ થઈ શકે તેમ નથી. આમ, સદર પંચસાહેદોનો પુરાવો ફરીયાદપક્ષને મદદરૂપ થઈ શકે તેમ નથી. વધુમાં ફરીયાદપક્ષે આંક–૧૪ થી તપાસ કરનાર

અમલદાર મનિષભાઈ મણીલાલ ચૌધરીનાઓને તપાસવામાં આવેલ છે. તેઓ દ્વારા ગુનાના કામે જરૂરી તપાસ કરી, દસ્તાવેજો એકત્ર કરી, આરોપી વિરૂદ્ધ પુરતા પુરાવા પડતા હોય ચાર્જશીટ કરેલ હોવાનું જણાવેલ છે, પરંતુ ઉપરોકત તપાસવામાં આવેલ તમામ સાહેદો દ્વારા હાલના કામના આરોપીની ઓળખ તથા આરોપીની બેદરકારી રેકર્ડ પર આવતી ન હોય, એકમાત્ર તપાસ કરનાર અમલદારના પુરાવા પર આધાર રાખી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી.

**(૧૫)** ઉપરોકત હકિકતે ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ સાહેદોના પુરાવાનું મુલ્યાંકન કરતા અકસ્માત થયેલ હોવાથી અને તેમાં સાહેદને ઈજાઓ થયેલ હોવાની હકિકત રેકર્ડ પર આવેલ છે. ઉપરોકત કરેલ ચર્ચા મુજબ હાલના કામે અટક કરવામાં આવેલ આરોપીની અકસ્માતમાં સંડોવાયેલ વાહનના ચાલક તરીકે ઓળખ પ્રસ્થાપિત થયેલ નથી અને અકસ્માતનો બનાવ વાહનના ચાલકની પુરઝડપે અને બેદરકારી થકી જ થયેલ છે તેવી કોઈ સ્પષ્ટ હકિકત સાહેદોના પુરાવાથી રેકર્ડ પર આવેલ નથી.

**(૧૬)** વાહન અકસ્માતને લગતા કેસમાં બેફામપણે એટલે કે, બહુજન સમુદાયની જીંદગી ભયમાં મુકાય અથવા અન્ય વ્યકિતને વ્યથા કે હાની થવા સંભવ હોય તે રીતે બેફામપણે અથવા બેદરકારીપૂર્વક સરિયામ રસ્તા ઉપર કોઈ વ્યકિત વાહન ચલાવે તેવો પુરાવો આવે તો, ભારતીય ન્યાય સંહિતા કલમ ૨૮૧ (ઇ.પી.કો.કલમ ૨૭૯) મુજબનો ગુનો પુરવાર થયેલ તેમ ગણી શકાય. વધુમાં, અકસ્માતને લહતા કેસમાં "રેસઈપ્સા લોકયુટર" નો સિધ્ધાંત લાગુ પડે છે. ક્રિમીનલ ટ્રાયલમાં "રેસઈપ્સા લોકયુટર" નો સિંધ્ધાંત લાગુ પડતો નથી પરંતુ અકસ્માતને લગતા કેસ તે અપવાદમાં ગણાય છે. નામદાર ઓરિસ્સા વડી અદાલતે " બદ્રીપ્રસાદ તિવારી વિરૂદ્ધ સ્ટેટ " ૧૯૯૪ ક્રિ.લો.જ. પેજ.નં. ૩૮૯ માં એમ ઠરાવેલ છે કે,(A) Penal Code (45 of 1860), S.279 - NEGLIGENCE - Rash and negligent driving - Offence under - Ingredients of rash and

negligent driving on public road endangering human life or likely to cause injury, must be established – Mere carelessness of error of judgment, not sufficient - Accident resulting in death Failure of prosecution to prove rash and negligent driving of accused – Bare statement that vehicle was being driven in high speed, not sufficient – Accused entitled for acquittal.

વધુમાં તે ચૂકાદાના પેરા પ માં એમ ઠરાવેલ છે કે "Section 279, IPC deals with rash and negligent driving of any vehicle or riding on a public way in a rash and negligent manner so as to endanger human life or likely to cause hurt or injury to any person. In order to constitute an offence under Section 279, IPC, it must be established that the accused was driving the vehicle on a public way in a rash and negligent manner to endanger human life or likely to cause hurt or injury to any other person. For the purpose of Section 279 rash and negligence may be described as criminal rashness or criminal negligence. It must be more than mere carelessness of error of judgment. The essential ingredients of Section 279 are :

(i) Rash and negligent driving or riding on a public way.

The act must be such as to endanger human life or likely to cause hurt or injury to any person. For an offence punishable under Sec. 304-A, IPC, the point to be established is that the act of accused was responsible for resulting in the death and such act of

the accused was rash and negligent although it did not amount to culpable homicide. To establish either of Sections 279 or 304-A rash and negligent has to be established, but only distinction is that in Section 279 rash and negligent act relates to the manner of driving or riding on a public way, while offence under Section 304-A extends to any rash and negligent act falling short of culpable homicide. As indicated above, rashness or negligence to be established must be more than an error of judgment. Distinction between rashness and negligence is that negligence connotes want of proper care, while rashness conveyes the idea of reckless doing of an act without consideration of any consequence.

**(૧૭)** આમ, ઉપરોકત ચર્ચા કરેલ કાયદાની પરીસ્થિતિ, ચર્ચેલ ચુકાદાના માર્ગદર્શક સિધ્ધાંતો તથા હાલના આ કામે રજૂ થયેલ ફરીયાદ પક્ષનો સમગ્ર પુરાવો ધ્યાને લેતા, હાલનાં આરોપીએ બનાવ સમયે બેદરકારીભરી રીતે વાહન ચલાવતા હોવાનું જણાઈ આવતુ નથી. આમ, રેસનેસ કે નેગ્લીજન્સના તત્વોનો આ કેસનો પુરાવો જોતા અભાવ જોવા મળે છે. વધુમાં નામદાર કલકતા ઉચ્ચ અદાલતે ૧૯૭૫(૪૧) કલકતા એલ.ટી ૨૪૫ ના ચુકાદામાં એવુ ઠરાવેલ છે કે, "The burden is on procecutions to establish beyond reasonable doubt that the vehicle was being driven in a rash and negligent manner. What is rash or negligent driving would depend upon facts and circumstances of each case. No hard and fast rule can be drawn." આમ, ઉપરોકત ચુકાદામાં નામદાર કલકતા હાઈકોર્ટે ઠરાવ્યું છે કે ફકત વાહનની સ્પીડ હોવાથી તે નેગ્લીજન્સમાં પરીવર્તીત થતું નથી. પરંતુ ' નેગ્લીજન્સી ઈન હોલ ', એટલે કે

સ્પીડની સાથે સાથે કઈ ડીગ્રીથી બેદરકારી થયેલ છે તે પણ જોવું અનિવાર્ય છે. સબબ કામનો સમગ્ર પુરાવો જોતાં આ કામે અકસ્માત થયાનું જણાય છે તેમજ અકસ્માતમાં સાહેદને ઈજા થયેલ હોવાનું રેકર્ડ પર આવેલ છે. પરંતુ આ કામે ફરીયાદપક્ષે કોઈપણ જગ્યાએ બેફામ અને ગફલતભરી તેમજ બેદરકારી પુર્વક આરોપી વાહન ચલાવેલ હોય તેવો કોઈ પ્રત્યક્ષ અને આરોપીને આ ગુન્હાના કામે સાંકળતો સીધો પુરાવો પ્રોસીક્યુશન રજૂ કરી શકેલ નથી.

**<u>ઉપસંહાર :–</u>**

(૧૮) આમ, આ કામે રેકર્ડ પરના સમગ્ર પુરાવાઓનું બારીકાઈ થી મૂલ્યાંકન કરવામાં આવે તો ભારતીય પુરાવા અધિનિયમ કલમ–૧૦૧, ૧૦૨ મુજબ પોતાનો કેસ શંકાથી પર સાબીત કરવાનો હોય છે. જે રજૂ થયેલ મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવા તેમજ સમગ્ર રેકર્ડ ધ્યાને લેવામાં આવે તો તા.૦૨/૧૧/૨૦૨૪ ના કલાક ૧૯–૦૦ વાગેના અરસામાં મૌજે. તારાપુર ગામ ઉમરપાડા થી માલ્દા આવતા રોડ ઉપર તાડ ફળિયામાં જવાના રસ્તાથી આશરે ૧૦૦ મીટર પહેલા એક સુપર સ્પ્લેન્ડર મોટરસાયકલ નં.GJ-19-AB-8860 મોટરસાયકલનો ચાલક જેના નામ સરનામાની ખબર નથી તેણે પોતાના કબજાની મોટરસાયકલ બેદરકારી થી પુરઝડપે અને ગફલતભરી રીતે લોકોની જીંદગી જોખમાય તે રીતે હંકારી લઈ આવી આ કામના ઈજા પામનાર– ક્રાતિભાઈ ફતેસીંગભાઈ વસાવાનાને હાથે કોણીના ભાગે તથા જમણા હાથે કાંડાના ભાગે તથા બન્ને પગે ઘુંટણના ભાગે ઈજાઓ પહોચાડી નાસી જઈ પાછળ થી પકડાઈ જઈ ગુનો કરેલ હોય તેવી ફરીયાદ હકિકતને ફરીયાદપક્ષ નિશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોઈ **મુદ્દા નં.૦૧** નો જવાબ નકારમાં આપી **મુદ્દા નં.૦૨** પરત્વે નીચે મુજબનો હુકમ કરવામાં આવેલ છે.

**<u>–:આંખરી હુકમ :–</u>**

૧. આ કામના આરોપી – શુક્કરભાઈ કાસમાભાઈ કાથુડીયા

નાઓને તેઓની સામેના ગુન્હા ભારતીય ન્યાય સંહિતાની કલમ – ૨૮૧, ૧૨૫(એ) તથા એમ.વી.એકટ–૧૭૭, ૧૮૪ મુજબના ગુન્હામાંથી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૭૮ અન્વયે ગુન્હા સબબ શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આ કામે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૦ અન્વયે આરોપીએ રૂા.૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ હજરા પુરા) ના સધ્ધર જામીન અપીલ પીરીયડ સુધીના રજૂ રાખવા.

હુકમ આજરોજ તા.૩૦, માહે માર્ચ, સને–૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૩૦/૦૩/૨૦૨૬
સ્થળ : માંડવી, જિ. સુરત.

(મનિષ મનહરભાઈ બુધ્ધભટ્ટી)
એડી. ચીફ જયુડી. મેજિસ્ટ્રેટ,
માંડવી, જિ.સુરત
(જીજે૦૦૮૫૫ )